# કૃષિ સાહસિકોએ સૌરાષ્ટ્ર, કચ્છની જમીનને સુવર્ણભૂમિ બનાવી

આર આર ગોસ્વામી । હિમાંશુ દરજી

અમદાવાદ

કચ્છ અને સૌરાષ્ટ્રની સૂકી જમીન એક્ઝોટિક ફળ અને શાકભાજી સાથે તાલ મિલાવી રહી છે. બી વગરનાં તાઈવાનનાં પપૈયાં, ચોરસ તડબૂચ, ઈંડાના આકારનાં રિંગણાં, કાળાં ટામેટાં હોય કે પછી ખજૂર કૃષિ ટેક્નોલોજીએ આ સમગ્ર વિસ્તારની કાયાપલટ કરી દીધી છે. આ જિલ્લા એક્ઝોટિક ફળ અને શાકભાજીમાંથી વાર્ષિક રૂ. ૧૨૦થી રૂ. ૧૫૦ કરોડનું ટર્નઓવર કરી રહ્યા છે અને તેની મધ્યપૂર્વ અને અમેરિકામાં મોટા પાયે નિકાસ કરી રહ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લાના લિંબડીમાં જુવાર, બાજરી અને કપાસ જેવા પરંપરાગત પાક લેવાતા હતા પરંતુ ઉત્સાહી હોટેલિયર બલવીરસિંહ જાડેજા બે વર્ષ પહેલાં ૧૭ એકર જમીન પર તાઈવાનનાં પપૈયાંની ખેતી કરી અને ગુજરાતના કૃષિ ક્ષેત્રમાં નવી ક્રાંતિ ફૂંકી. તેમણે ખેતીમાં ટપક સિંચાઈ પદ્ધતિ રજૂ કરી અને એકર દીઠ રૂ. ૩૦,૦૦૦નું રોકાણ કર્યું આ ઉપરાંત છેક જાપાનથી છોડની આયાત કરવા પ્રતિછોડ રૂ. ૧,૨૦૦નો ખર્ચ કર્યો. આટલા રોકાણ, નવી કૃષિ ટેક્નોલોજી અને અથાક પરિશ્રમને કારણે જાડેજાએ પહેલા પાકમાં જ રૂ. ૧.૩૫ કરોડનું ટર્નઓવર હાંસલ કર્યું.

રસપ્રદ રીતે, તેમના મૂળ ગામ ધ્રાફામાં જાડેજાએ પપૈયાંની ખેતી પર પ્રયોગ કર્યો હતો પરંતુ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવે તે તેમાં નિષ્ફળ રહ્યા



હતા. જોકે કેટલાક વિસ્તારમાં તેમને સારો પાક મળ્યો હતો જેણે તેમને નવા સ્થળ લિંબડીમાં પપૈયાની ખેતી કરવા પ્રોત્સાહન આપ્યું હતું. જાડેજાને ગુજરાત, દિલ્હી અને મધ્ય પૂર્વના દેશોમાંથી તેમના માલના ખરીદદાર મળ્યા.

ધ્રાફામાં વધુ એક સાહસિક ખેડૂત પેદા થયો છે જેણે કેળાંની ખેતી પર પ્રયોગ કર્યો છે. જિતેન્દ્રસિંહને પ્રયોગમાં સફળતા મળતાં તેમણે ૨૫ એકર જમીન પર કેળાંની ખેતી કરી હતી. જિતેન્દ્રસિંહે નવસારીથી કેળાંનો રોપો મેળવવા પ્રતિ નંગ રૂ. ૧૪ ખર્ચ્યા હતા અને કેળાંની ખેતીને અનુકૂળ જમીન કરવા એકર દીઠ રૂ. ૩૦,૦૦૦નું રોકાણ કર્યું હતું. કેળાંની ખેતીમાં પુષ્કળ પાણી, ખાતર અને ઓછામાં ઓછી જંતુનાશક દવાઓની જરૂર પડે છે. જિતેન્દ્રસિંહનાં કેળાં છેક દુબઈ નિકાસ થાય છે.

આનાથી પણ આગળ વધીએ તો, કચ્છના ખેડૂતો ચોરસ આકારનાં તડબૂચ, જિનેટિકલી મોડિફાઈડ ટામેટાં અને રિંગણાંની ખેતી કરે છે. કચ્છમાં ખજૂરની ખેતી પણ શરૂ થઈ છે. અહીંના ખેડૂતોને આગળના દિવસોમાં વિપુલ બિઝનેસ તક દેખાઈ રહી છે. એગ્રી કન્સલ્ટન્ટ પાન્સુરિયાએ જણાવ્યું હતું કે, ચોરસ આકારનાં તડબૂચનું ઉત્પાદન કરવા હેબિટેટ-ચેન્જ ટેક્નોલોજીનો ઉપયોગ કરાય છે, જેમાં બાઈકર ગ્લાસનો ઉપયોગ થાય છે, જેથી કરીને ફળનો વિકાસ મર્યાદિત રહે છે. ખેડૂતો પીળા અને કાળા રંગનાં ટામેટાં અને ઈંડાના આકારનાં રીંગણાંની ખેતી પર પણ પ્રયોગ કરી રહ્યા છે. કચ્છમાં સૂકી ખજૂરની ખેતી પણ જોર પકડી રહી છે. છેલ્લાં બે વર્ષથી અહીંના ખેડૂતો ખજૂરના બીની ખાડીદેશમાંથી આયાત કરે છે અને તેની ખેતીમાં ટિશ્યૂ કલ્ચરનો ઉપયોગ કરે છે.

## એક્ઝોટિક પેદાશ

- તાઇવાનના પપૈયા
- ચોરસ તડબૂચ
- ઈંડાના આકારના રિંગણા
- કાળા ટામેટા અને ખજૂર
- કેપ્સિકમ
- ચેરી ટામેટા
- દાડમ
- કેળા